પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૯૩ | ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર; ભાદરવા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હવે ભારતમાં ત્રીજી લહેર નહી : ગુલેરિયા

## કોરોના વાયરસ હવે મહામારી રહ્યો નથી : દરેકને રસી ન મળે ત્યાં સુધી સાવધ રહેવાની જરૂર : કોરોના જલદી સામાન્ય ફ્લૂ એટલે કે સાધારણ ઉધરસ, શરદી જેવો થઈ જશે કારણ કે લોકોમાં હવે આ વાયરસ વિરુદ્ધ ઈમ્યુનિટી તૈયાર થઈ ગઈ છે : રણદીપ ગુલેરિયા

નવી દિલ્હી,તા.૨૨

દેશમાં કોરોના વાયરસના કેસ સતત ઘટી રહ્યા છે અને મંગળવારે સંક્રમણના ૨૬ હજાર નવા કેસ આવ્યા તથા ૨૫૨ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા. એમ્સના ડાયરેક્ટર ડોક્ટર રણદીપ ગુલેરિયાના જણાવ્યાં મુજબ કોરોના વાયરસ હવે મહામારી રહ્યો નથી. જો કે તેમણે સાવધ કર્યા કે જ્યાં સુધી ભારતમાં દરેક વ્યક્તિને રસી ન મળી જાય ત્યાં સુધી સાવધ રહેવાની જરૂર છે. ખાસ કરીને તહેવારો પર બધાએ ભીડથી બચવાની જરૂર છે. ડોક્ટર ગુલેરિયાએ કહ્યું કે ભારતમાં નોંધાઈ રહેલા આંકડા



હવે ૨૫ હજારથી ૪૦ હજારની વચ્ચે આવી રહ્યા છે. જો લોકો સાવધ રહે તો આ કેસ ધીમે ધીમે ઓછા થતા જશે. જો કે કોરોના સંપૂર્ણ રીતે ખતમ થશે નહીં. પરંતુ ભારતમાં જેટલી ઝડપથી વેક્સિનેશન થઈ રહ્યું છે તેને જોતા હવે કોરોનાનું મહામારી સ્વરૂપ લેવું કે મોટા પાયે ફેલાવવું મુશ્કેલ છે. એમ્સ ડાયરેક્ટર ગુલેરિયાનું કહેવું છે કે કોરોના વાયરસ જલદી સામાન્ય ફ્લૂ એટલે કે સાધારણ ઉધરસ, શરદી જેવો થઈ જશે કારણ કે લોકોમાં હવે આ વાયરસ વિરુદ્ધ ઈમ્યુનિટી તૈયાર થઈ ગઈ છે. પરંતુ બીમાર અને નબળી ઈમ્યુનિટીવાળા લોકો માટે આ વાયરસ હજુ જીવનું જોખમ બની રહેશે. રસી લેનારા લોકોના મનમાં હજુ પણ એ સવાલ છે કે રસી શું જીવનભર સુરક્ષા આપશે કે પછી થોડી સમય પછી ફરીથી બુસ્ટર ડોઝ લેવાની જરૂર પડશે. આ સવાલના જવાબમાં ડોક્ટર ગુલેરિયાએ કહ્યું કે ભારતમાં પ્રાથમિકતા એ છે કે બધા લોકોને રસીને બે ડોઝ આપવામાં આવે. બાળકોને પણ રસી લગાવવામાં આવે. ત્યારબાદ જ બુસ્ટર ડોઝ પર ભાર મૂકાવવો જોઈએ. તેમણે કહ્યું કે દુનિયાના તમામ દેશોમાં

● અનુસંધાન પાન-૫ પર

# કોરોના મૃતકોના પરિવારને ૫૦ હજારની સહાય અપાશે

## સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારે કરેલા સોગંદનામામાં એક્સ-ગ્રેસીયા સહાય સંબંધિત રાજ્યો ચૂકવશે

નવી દિલ્હી, તા.૨૨

કોવીડ-૧૯થી મૃત્યુ પામેલ દરેક દર્દીના પરિવારને ૫૦ હજાર રૂપિયા એક્સ-ગ્રેસીયા સહાય તરીકેની ચૂકવણી રાજ્યો દ્વારા કરાશે તેમ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને એક સોગંદનામા જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટની વારંવાર ફટકાર બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દાખલ કરાયેલ સોગંદનામામાં સ્પષ્ટતા કરાઈ છે કે, સંબંધિત રાજ્યોના ડીઝાસ્ટર રીલીફ ફંડમાંથી એક્સ-ગ્રેસીયા સહાય તરીકે રાજ્ય સરકાર દરેક કોરાના મૃતકના પરિવારને ચૂકવશે.

સુપ્રીમ કોર્ટ આ સંદર્ભે છેલ્લા ૮ મહિનાથી પીઆઈએલ સંદર્ભે સરકાર પાસે જવાબ માંગી રહી હતી. જોકે અગાઉ સરકારે એક સોગંદનામામાં જણાવ્યું હતું કે, તમામ કોરોના મૃતકના પરિવારોને સહાય આપવી શક્ય નથી. ત્યાર બાદ વિરોધ પક્ષો દ્વારા પણ વારંવાર સંસદમાં અને સંસદ બહાર સહાય ચૂકવવા માંગણી કરાતી હતી. વિરોધ પક્ષો દ્વારા ૪ લાખની સહાય આપવા સાંસદોનું એક પ્રતિનિધિ મંડળ રાષ્ટ્રપતિને પણ મળી ચુક્યું હતું. જો કે સરકારનું વલણ સ્પષ્ટ હોવાથી આ સંદર્ભે કોઈ નિર્ણય થયો ન હતો. જ્યારે છેલ્લા ૨૪ સપ્તાહથી જાણીતી એનજીઓ સંસ્થા દ્વારા કરાયેલ જાહેર હિતની અરજીમાં વારંવાર સુપ્રીમને સરકારને સ્પષ્ટતા કરવા તાકિદ કરી હતી. જોકે અલગ અલગ કારણોસર સરકારે સુપ્રીમના સુચનને સ્વીકાર્યુ નહોતુ. પરંતુ આજે કરાયેલ સોગંદનામામાં કેન્દ્ર સરકારે સ્વીકાર્યું છે કે, દરેક કોરોના મૃતકના પરિવારને ૫૦ હજારની સહાય રાજ્ય સરકાર દ્વારા ચુકવાશે.

જોકે હજુ તેના નિયમો જાહેર કરાયા નથી એટલે ઘણીબધી અસ્પષ્ટતાઓ સંકળાયેલી છે. કોરોનાના મૃતક કોને ગણવા, અને કેવી રીતે ગણવા એ પણ એક સવાર છે. કારણ કે કોવીડ-૧૯થી મૃત્યુ પામ્યાનું મરણ પ્રમાણપત્ર ન અપાયાની ફરિયાદ પણ વ્યાપક પ્રમાણ ચાલે છે. તો બીજી તરફ જ્યારે દર્દી કોરોનાગ્રસ્ત હોસ્પિટલમાં દાખલ થયેલ હોય અને મૃત્યુ પામ્યા પછી હોસ્પિટલ દ્વારા કાર્ડિયાક એટેકના ઉલ્લેખવાળી મરણ પ્રમાણપત્ર આપવામાં આવતા અસમંજસ પણ રહેલી છે.

# કોવિશિલ્ડ લેનારને એન્ટ્રી માટે યુકેની મંજૂરી

**કોવિશિલ્ડને માન્યતા પર ભારતના વિરોધ બાદ યુકે ઝૂક્યું : કોવિશિલ્ડને મંજૂરી છતાં ભારતમાં વેક્સિનના બંને ડોઝ લેનારાને પણ યુકેમાં ક્વોરન્ટાઈન થવું પડશે, સર્ટિફિકેટને લઈને ભારત સાથે વાતચીત જારી**

નવી દિલ્હી, તા.૨૨

ભારે વિવાદ બાદ યુકેએ કોવિશિલ્ડ વેક્સિન લેનારાને દેશમાં એન્ટ્રી આપવાની મંજૂરી આપી દીધી છે. જોકે, તેનાથી હાલ ભારતીયોને ક્વોરન્ટાઈન થવામાંથી કોઈ રાહત નહીં મળે. કારણકે, યુકેએ ભારતમાં અપાતા વેક્સિન સર્ટિ. સામે કેટલાક સવાલ કર્યા છે. જેના કારણે, ભારતમાં વેક્સિનના બંને ડોઝ લેનારાને પણ યુકેમાં ક્વોરન્ટાઈન થવું પડશે. યુકેમાં ૦૪ ઓક્ટોબરથી નવા નિયમો અમલી બની રહ્યા છે. જેમાં અગાઉ કોવિશિલ્ડ વેક્સિન લેનારા માટે પણ ૧૦ દિવસ ક્વોરન્ટાઈન રહેવાનું ફરજિયાત કરાતા ભારતે તેના પર જોરદાર આપત્તિ વ્યક્ત કરી હતી. ત્યારબાદ યુકેએ નિયમોમાં ફેરફાર કરી કોવિશિલ્ડને મંજૂરી આપી દીધી હતી. જોકે, હવે તેણે વેક્સિન સર્ટિ. પર શંકા વ્યક્ત કરી છે. બ્રિટિશ સરકારની વેબસાઈટ પર બુધવારે પ્રસિદ્ધ કરાયેલી માહિતી અનુસાર, કોવિશિલ્ડને સ્વીકાર્ય વેક્સિનની યાદીમાં ઉમેરી દેવાઈ છે. જોકે, દિલ્હી સ્થિત બ્રિટિશ હાઈ કમિશને આ સોમવારે જણાવ્યું હતું કે, ભારતમાં અપાયેલા વેક્સિન સર્ટિને કઈ રીતે માન્યતા આપી શકાય તે માટે યુકે ભારત સરકાર સાથે વાત કરી રહ્યું છે.

● અનુસંધાન પાન-૫ પર

# ધર્માંતરણ કેસમાં મૌલાના કલીમ સિદીકીની ધરપકડ

## સિદ્દીકી ગ્લોબલ પીસ સેન્ટરનો અધ્યક્ષ છે

નવી દિલ્હી, તા.૨૨

ઉત્તર પ્રદેશ એટીએસએ ધર્માંતરણ કેસમાં મૌલાના કલીમ સિદીકીની ધરપકડ કરી છે. તે ગ્લોબલ પીસ સેન્ટરનો અધ્યક્ષ છે અને જમીયત-એ-વલીઉલ્લાહનો



પણ અધ્યક્ષ છે. તેની મેરઠ ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં મુફતી કાજી અને ઉમર ગૌતમની અગાઉ ધરપકડ થઈ ચુકી છે. બંનેની લિંક કલીમ સિદ્દીકી સાથે મળે છે. એવો આરોપ છે કે, વિદેશથી કરોડો રૂપિયા કલીમ સિદ્દીકીના ખાતામાં આવ્યા હતા.

આ મામલે ઉત્તર પ્રદેશ એટીએસ દ્વારા પ્રેસ કોન્ફરન્સ પણ યોજવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે, મૌલાના કલીમ સિદ્દીકી પર હવાલા દ્વારા ગેરકાયદેસર ધર્માંતરણ માટે ફન્ડિંગ ભેગું કરવાનો આરોપ છે. આરોપી મૌલાનાની ધરપકડ કરીને તેને કોર્ટમાં રજૂ કરી દેવામાં આવ્યો છે.

મૌલીના કલીમ યુટ્યુબ દ્વારા પણ લોકોને ધર્માંતરણ કરવા માટે અને ધર્માંતરણના રેકેટમાં સામેલ થવા માટે પ્રેરિત કરતો હતો. તેણે જ અભિનેત્રી સના ખાનના નિકાહ કરાવ્યા હતા. આરોપ પ્રમાણે મૌલાના કલીમ સિદ્દીકી લોકોને લાલચ આપીને ધર્માંતરણ માટે ઉશ્કેરતો હતો. તે પોતાનું ટ્રસ્ટ ચલાવવાની સાથે તમામ મદરેસાઓને પણ ફન્ડિંગ કરતો હતો. તેને હવાલા અને અન્ય ગેરકાયદેસર રીતે વિદેશથી ભારે ધનરાશિ મોકલવામાં આવતી હતી.

# ભારત અગ્નિ-૫ મિસાઈલનો આજે ઓપન ટેસ્ટ કરશે

## ડીઆરડીઓ દ્વારા મિસાઈલ ડેવલપ કરવામાં આવ્યું : મિસાઈલ સેનામાં થતા અણુ હથિયારોથી સજ્જ ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ ધરાવતા દેશોમાં સામેલ

નવી દિલ્હી, તા.૨૨

ભારત પોતાની સૌથી ઘાતક અગ્નિ-૫ મિસાઈલનો ૨૩ સપ્ટેમ્બર, ગુરૂવારે ઓપન ટેસ્ટ કરવા જઈ રહ્યુ છે. એ પછી આ મિસાઈલને સેનામાં સામેલ કરી દેવામાં આવશે. આ મિસાઈલ સેનામાં સામેલ થશે તે બાદ ભારત પણ એવા દેશોની ક્લબમાં સામેલ થઈ જશે જેની પાસે ન્યુક્લિયર હથિયારોથી સજ્જ ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ છે. ભારતના ડીઆરડીઓ દ્વારા તેને ડેવપલ કરવામાં આવ્યુ છે. ૨૦૦૮માં તેને વિકસિત કરવાનુ શરૂ કરવામાં આવ્યુ હતુ. ૨૦૧૨માં તેનો સોલિડ ફ્યુલ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. એ પછી ૨૦૧૩થી લઈને ૨૦૧૮ સુધી તેના અલગ અલગ પ્રકારના ટેસ્ટ કરાયા છે. હવે ૨૩ સપ્ટેમ્બરે ભારત પહેલી વખત તેનો ઓપન ટેસ્ટ કરવા માટે જઈ રહ્યુ છે. અગ્નિ-૫ દોઢ ટન સુધીના ન્યુક્લિયર વેપન્સનુ વહન કરી શકે છે.તે અવાજ કરતા ૨૪ ગણી ઝડપે ઉડનારૂ મિસાઈલ છે અને તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ આસાનીથી ટ્રાન્સપોર્ટ



કરી શકાય છે. તેની રેન્જ ૫૦૦૦ કિલોમીટરની છે. તે એક સાથે ઘણા હથિયારો લઈ જવા માટે પણ સક્ષમ છે. ૧૦ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ તેનો છેલ્લો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આ મિસાઈલના સાત ટેસ્ટ પૈકી તમામ સફળ રહ્યા છે. આમ તો અગ્નિ-૫ને ૨૦૨૦માં જ ઓપન ટેસ્ટ કરીને સેનામાં સામેલ કરવાનુ હતુ પણ કોરોનાના કારણે તેના પરિક્ષણમાં મોડુ થયુ છે. આ મિસાઈલના પગલે ચીનના પેટમાં તેલ રેડાયુ છે. કારણકે એક વખત અગ્નિ-૫ મિસાઈલ સેનામાં સામેલ થશે તે પછી ચીનના મહત્વના શહેરો પણ તેની રેન્જમાં આવી જશે.

# હિમાચલના મંડીની બોર્ડિંગ સ્કૂલમાં ૭૯ છાત્રને કોરોના

## કોવિડ પોઝિટિવિટીના રેટમાં વધારાથી હિમાચલ સરકારે ગયા સપ્તાહે ૨૫ સપ્ટેમ્બર સુધી સ્કૂલો બંધ કરી હતી




પ્રતિકાત્મક તસવીર

નવી દિલ્હી, તા.૨૨

દેશમાં કોરોનાની બીજી લહેરનુ જોર ઓછુ થઈ રહ્યુ છે. ગુજરાતમાં પણ કોરોનાના કેસ ઘટી ગયા છે અને છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કારણે કોઈનુ મોત પણ થયુ નથી ત્યારે હિમાચલ પ્રદેશના મંડીમાં કોરોના વિસ્ફોટ થયો છે. અહીંની એક બોર્ડિંગ સ્કૂલમાં ૭૯ વિદ્યાર્થીઓ અને ૩ સ્ટાફ મેમ્બર કોરોના સંક્રમિત થયા છે. આ વિસ્તારને હાલમાં સીલ કરી દેવામાં આવ્યો છે. હિમાચલ સરકારે ગયા સપ્તાહે જ ૨૫ સપ્ટેમ્બર સુધી સ્કૂલો બંધ કરવાની જાહેરાત કરી હતી. કારણકે રાજ્યમાં કોવિડ પોઝિટિવિટીના રેટમાં વધારો થયો છે. જેને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. હાલમાં સ્કૂલોમાં વિદ્યાર્થીઓને જવા પર બેન મુકાયો છે અને માત્ર કર્મચારીઓ અને શિક્ષકોને બોલાવવામાં આવી રહ્યા છે. ભારતની વાત કરવામાં આવે તો છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨૭૦૦૦ નવા કોરોના કેસ સામે આવ્યા છે.

# ૨૫ કરોડના ડ્રગ્સ સાથે વિદેશી માતા-પુત્રીની ધરપકડ

## ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમનું ઓપરેશન : મહિલા-પુત્રી ભારતમાં કેન્સરની સારવાર કરાવવા માટે જોહનિસબર્ગથી કતારના દોહા થઈને મુંબઈ આવ્યા હતા

મુંબઈ, તા.૨૨

દેશની આર્થિક રાજધાની મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કરોડોનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યુ છે. આ ડ્રગ્સ એરપોર્ટના કસ્ટમ વિભાગે ૨ વિદેશી નાગરિકો પાસેથી જપ્ત કર્યુ છે. જેની કિંમત ૨૫ કરોડ રૂપિયા જણાવાઈ રહી છે. ધરપકડ કરાયેલા બંને વિદેશી નાગરિક સંબંધમાં મા અને પુત્રી છે. માતા અને પુત્રીની આ જોડી વિદેશી પર્યટક બનીને મુંબઈ આવી હતી. ધરપકડ બાદ મહિલાએ જણાવ્યુ છે કે તે અને તેમની પુત્રી ભારતમાં કેન્સરની સારવાર કરાવવા માટે સાઉથ આફ્રિકાના જોહાન્સબર્ગથી કતારના દોહા થતા મુંબઈ આવી છે. માતા અને પુત્રીએ સૂટકેસની અંદર ખાસ કેવિટી બનાવીને લગભગ ૫ કિલો હેરોઈનને છુપાવ્યુ હતુ. કાળા રંગના પેકેટમાં ડ્રગ્સને ઘણી જ સાવધાનીથી છુપાવ્યુ હતુ. જે બાદ મુંબઈ એરપોર્ટના સરહદ કર વિભાગે એનડીપીએસ અધિનિયમ હેઠળ ૪.૯૫૩ કિલોગ્રામ હેરોઈનની તસ્કરી કરવાના પ્રયત્નમાં બંનેની ધરપકડ કરી લીધી. કસ્ટમ સૂત્રો અનુસાર આ માતા-પુત્રીને ડ્રગ્સ તસ્કરી કરવા માટે ડ્રગ માફિયા રેકેટ દ્વારા લાલચ આપવામાં આવી હતી, જ્યાં તેમને એક યાત્રા માટે ૫૦૦૦ અમેરિકી ડોલર આપવાનુ વચન આપવામાં આવ્યુ હતુ. બંને મુસાફરની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે. કોર્ટે બંનેને ન્યાયિક કસ્ટડી કરી છે. મુંબઈ સીમા શુલ્ક અધિકારી હવે આ મામલે તપાસમાં લાગેલા છે. કસ્ટમ ઈન્ટેલિજન્સ વિંગે હવે આ વાતની જાણકારી મેળવી છે કે ભારતમાં ડ્રગ્સની આ ખેપ કેવી રીતે પહોંચાડવામાં આવી હતી અને ક્યારથી આ ડ્રગ્સની હેરાફેરી ચાલી રહી છે? સાથે જ આ સિન્ડિકેટ સાથે જોડાયેલા અન્ય લોકોની પણ જાણકારી મેળવાઈ રહી છે.

# આરોપીને છ માસ ગામની મહિલાના કપડાં ધોવાની સજા

## બિહારના મધુબનીની ઘટનામાં કોર્ટ દ્વારા રસપ્રદ સજા : છેડતી અને રેપના પ્રયાસના આરોપીએ કપડા ધોયા બાદ તેને ઈસ્ત્રી કરી ઘરે જઈ કપડા પાછા આપવાના રહેશે



પ્રતિકાત્મક તસવીર

પટણા, તા.૨૨

બિહારના મધુબની જિલ્લામાં યુવતીઓની છેડતી અને રેપના પ્રયાસ બદલ આરોપીને સ્થાનિક કોર્ટે રસપ્રદ સજા ફટકારી છે. કોર્ટે કહ્યુ હતુ કે, આરોપીને જામીન આપવામાં આવી રહ્યા છે પણ તેની સાથે સાથે કોર્ટની શરત છે કે, આગામી ૬ મહિના સુધી ગામની તમામ મહિલાઓના કપડા ધોવા પડશે. જેથી તેના મનમાં મહિલાઓ

● અનુસંધાન પાન-૫ પર

# આતંકીઓ સાથે સબંધમાં કાશ્મીરના છ કર્મી સસ્પેન્ડ

## જમ્મુ-કાશ્મીર સરકારનું આતંક વિરોધી કડક કાર્યવાહી : ૬ સરકારી કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કરાયા છે તેમાં અનંતનાગના અધ્યાપક હમીદ વાની સામેલ છે

શ્રીનગર, તા.૨૨

જમ્મુ-કાશ્મીર સરકારે પોતાના છ કર્મચારીઓને આતંકીઓ સાથે સંબંધ રાખવા અને ઓવરગ્રાઉન્ડ વર્કર તરીકે કામ કરવાના આરોપમાં બરતરફ કર્યા છે. જમ્મુ કાશ્મીરમાં આતંક પર વધુ એક પ્રહાર કરતા ભારતના બંધારણના કલમ ૩૧૧ (૨) (સી) હેઠળ કેસની તપાસ અને ભલામણ કરવા માટે જમ્મુ-કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશમાં નામિત સમિતિએ આતંકવાદી લિંક રાખવા અને ઓજીડબલ્યુ તરીકે કામ કરવા માટે સરકારી સેવા સાથે ૬ કર્મચારીઓને બરતરફ કરવાની ભલામણ કરી. જે ૬ સરકારી કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કરવામાં આવી છે તેમાં કાશ્મીર ખીણના અનંતનાગના અધ્યાપક હમીદ વાની સામેલ છે. વાની પર આરોપ છે કે નોકરીમાં આવ્યા પહેલા તેઓ આતંકી સંગઠન અલ્લાહ ટાઈગરના જિલ્લા કમાન્ડર તરીકે કામ કરી રહ્યા હતા. આ સાથે જ જમાત-એ-ઈસ્લામીના સહયોગથી તેમને આ સરકારી નોકરી મળી હતી. વાની પર એ પણ આરોપ છે કે ૨૦૧૬માં બુરહાન વાનીના એકાઉન્ટર બાદ તેઓ દેશ વિરોધી ગતિવિધિઓ માટે કાશ્મીરમાં ચલાવાઈ રહેલા ચલો કાર્યક્રમના મુખ્ય વક્તાઓમાંના એક હતા. આ સાથે જ જમ્મુના કિશ્તવાડ જિલ્લાના જફર હુસૈન ભટ્ટને પણ સરકારી નોકરીમાંથી બરતરફ કરવાની ભલામણ કરવામાં આવી છે. જફર હુસૈન જમ્મુ કાશ્મીર પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે તૈનાત છે અને તેને એનઆઈએએ આર્મ્સ એક્ટ હેઠળ ધરપકડ પણ કરી હતી. તેઓ હાલ જામીન પર છુટ્યા છે. તેની પર આરોપ છે કે તેઓ પોતાની કાર હિઝ્બુલ મુઝાહિદ્દીનના આતંકીઓને લાવવા અને લઈ જવા માટે

● અનુસંધાન પાન-૫ પર